વડોદરાના પાણીગેટ શાક માર્કેટ બહાર ભયાનક અકસ્માત

# બેકાબૂ કાર સીસીટીવી થાંભલા સાથે ધડાકાભેર અથડાઈ,જાનહાનિ ટળી

**અકસ્માતમાં** કારના આગળના ભાગના ફુરચેફુરચા ઊડ્યા



( પ્રતિનિધિ ) વડોદરા,તા.18 પાણીગેટ વિસ્તારમાં આવેલા વ્યસ્ત શાક માર્કેટની બહાર આજે એક ભયાનક અકસ્માતની ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. શાક માર્કેટની બહાર જાહેર માર્ગ પર લગાવવામાં આવેલા સીસીટીવી (CCTV) કેમેરાના લોખંડી થાંભલા સાથે એક પૂરપાટ ઝડપે આવી રહેલી કાર ધડાકાભેર અથડાઈ હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, કાર ચાલકે અચાનક જ વાહન પરથી પોતાનો કાબુ ગુમાવી દીધો હતો, જેના કારણે કાર સીધી રોડની બાજુમાં આવેલા સીસીટીવી થાંભલામાં જઈને ઘૂસી ગઈ હતી. અકસ્માત એટલો પ્રચંડ અને જોરદાર હતો કે અથડામણના કારણે કારના આગળના ભાગના ફુરચેફુરચા ઊડી ગયા હતા અને વાહનને ભારે નુકસાન પહોંચ્યું હતું. આ ઘટનામાં સૌથી રાહતની વાત એ રહી કે, ભારે અકસ્માત છતાં પણ સીસીટીવીનો મજબૂત થાંભલો જમીનદોસ્ત કે ધરાશાયી થયો ન હતો. શાક માર્કેટ જેવો અત્યંત વ્યસ્ત વિસ્તાર હોવાના કારણે જો આ થાંભલો મુખ્ય માર્ગ પર પડ્યો હોત, તો ત્યાંથી પસાર થતા અસંખ્ય રાહદારીઓ અને અન્ય વાહ નચાલકો તેની ચપેટમાં આવી શક્યા હોત અને કોઈ મોટી જાનહાની થઈ શકી હોત. પરંતુ થાંભલો અડીખમ રહેતા એક બહુ મોટી દુર્ઘટના ટળી ગઈ છે. સીસીટીવી કેમેરાના થાંભલા સાથે અથડાયા બાદ કાર રોડની બીજી તરફ જઈને ઊભી રહી ગઈ હતી. આ અકસ્માતને પગલે સીસીટીવી નેટવર્કના થાંભલા અને તેની સરકીટરીને પણ મોટું નુકસાન પહોંચ્યું છે. સ્થાનિક વર્તુળોમાં એવી ચર્ચાઓ પણ જોર પકડ્યું છે કે કાર ચાલક નશાની હાલતમાં વાહન ચલાવી રહ્યો હતો. ઘટનાની પ્રાથમિક માહિતી મળતા જ સ્થાનિક પોલીસ તાત્કાલિક અસરથી ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે અકસ્માત સર્જનાર કાર ચાલકની અટકાયત કરીને તેને પાણીગેટ પોલીસ સ્ટેશન લઈ ગઈ છે.

CCTV અને ટોઈંગ સર્વિસની કડી કારગર નીવડી

# MSU વિદ્યાર્થીના મોતના હિટ એન્ડ રન કેસમાં ચાલક ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.18 વડોદરામાં એમ.એસ. યુનિવર્સિટીના વિદ્યાર્થીના જીવલેણ હિટ એન્ડ રન કેસમાં હરણી પોલીસને મહત્વની સફળતા મળી છે. કારેલીબાગ વિસ્તારમાં ત્રણ વિદ્યાર્થીઓને અડફેટે લઈ એક વિદ્યાર્થીના મોતના કેસમાં પોલીસે CCTV ફૂટેજ અને ટેકનિકલ તપાસના આધારે અકસ્માત સર્જનાર i20 કાર અને તેના 21 વર્ષીય ચાલક હર્ષ મેડાની ધરપકડ કરી છે.

વડોદરા શહેરની એમ.એસ. યુનિવર્સિટીના એમ.વી. હોલમાં રહેતા અને સાયન્સ ફેકલ્ટીના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા ત્રણ વિદ્યાર્થીઓ કારેલીબાગ વિસ્તારમાં મોડી રાત્રે હિટ એન્ડ રન અકસ્માતનો ભોગ બન્યા હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે ત્રણેય વિદ્યાર્થીઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ગંભીર રીતે ઘાયલ થયેલા વિદ્યાર્થી ઋતુરાજનું સારવાર દરમિયાન કરુણ મોત નિપજ્યું હતું. બનાવ અંગે હરણી પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે તાત્કાલિક તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ઘટનાસ્થળ અને આસપાસના વિસ્તારોના CCTV ફૂટેજની તપાસ દરમિયાન અકસ્માત સર્જનાર નંબર પ્લેટ વગરની i20 કાર ઘટના બાદ હાલોલ તરફ ભાગી ગઈ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે વધુ તપાસ કરતાં જાણવા મળ્યું કે અકસ્માત બાદ કાર હાલોલ નજીક બ્રેકડાઉન થઈ હતી અને કારચાલકે ટોઈંગ સર્વિસની મદદથી તેને અન્ય સ્થળે ખસેડાવી હતી. આ મહત્વપૂર્ણ માહિતીના આધારે કારને શોધી જપ્ત કરવા સાથે 21 વર્ષીય હર્ષ મેડાની ઓળખ કરી તેની ધરપકડ કરી હરણી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

૧૨૦૦ ને બદલે ૮૦૦ રૂપિયા પે આઉટ મળતા રાઇડરોનું આંદોલન

# પેમેન્ટમાં કાપથી બ્લિન્કીટ રાઈડર્સમાં રોષ,તરસાલી ગોડાઉન પર હોબાળો



(પ્રતિનિધિ) વડોદરા,તા.18 ક્વિક કોમર્સ કંપની બ્લિન્કીટના પેમેન્ટ સ્ટ્રક્ચરમાં થયેલા મોટા ઘટાડાથી વડોદરાના ડિલિવરી રાઈડર્સ આક્રોશિત થયા છે. શનિવારે સવારથી મોટી સંખ્યામાં રાઈડર્સે તરસાલી સ્થિત કંપનીના મુખ્ય ગોડાઉન ખાતે એકત્ર થઈ ભારે હોબાળો મચાવ્યો હતો અને કામગીરી ઠપ કરી દીધી હતી. બ્લિન્કીટ રાઈડર્સનો આક્ષેપ છે કે, કંપનીએ ઓર્ડર દીઠ કમિશન અને પેટ્રોલ ભથ્થામાં મોટો કાપ મૂકી દીધો છે. પહેલા 12-13 કલાક કામ કરવા પર 1200 રૂપિયાથી વધુની કમાણી થતી હતી, જે હવે ઘટીને 800-900 રૂપિયા રહી ગઈ છે. પેટ્રોલ મોંઘું થવા છતાં 5 કિમીના રાઈડના 55-60 રૂપિયાને બદલે હવે માત્ર 40-45 રૂપિયા જ મળી રહ્યા છે. આક્રોશિત રાઈડર્સે કહ્યું, દિવસ-રાત, તડકો-વરસાદમાં જીવના જોખમે ડિલિવરી કરીએ છીએ, છતાં કંપની આર્થિક શોષણ કરી રહી છે. મેનેજર નીતિન કદમ ધમકી આપે છે કે રાઈડર નહીં હોય તો બ્લીન્કેટ બંધ થઈ જશે. રાઈડર્સોએ ચીમકી આપી છે કે જો કંપની લેખિતમાં 7-10 દિવસમાં પેમેન્ટ વધારાનું વચન નહીં આપે તો તેઓ કામ પર નહીં પરત ફરે અને અન્ય કોઈને પણ કામ કરવા નહીં દે. આ હડતાળને કારણે વડોદરાના અનેક વિસ્તારોમાં બ્લીન્કેટની ઓનલાઈન ડિલિવરી સેવા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. એપ પર ઓર્ડર બુક થવામાં તકલીફ અને ડિલિવરીનો સમય ઘણો વધી ગયો છે.

રૂા. ૩.૮૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

# વાઘોડિયા રોડની અમૃતાપાર્ક સોસા.માંથી નવ જુગારી ઝબ્બે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.18 વડોદરા શહેરમાં શ્રાવણ માસ પૂર્વે ગેરકાયદે જુગાર અને અન્ય અસામાજિક પ્રવૃત્તિઓ સામે પોલીસ દ્વારા સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. તે અંતર્ગત પાણીગેટ પોલીસ સ્ટેશનની ટીમે વાઘોડિયા રોડ વિસ્તારમાં બાતમીના આધારે દરોડો પાડી રહેણાંક મકાનમાં ચાલતા જુગારધામનો પર્દાફાશ કર્યો હતો.

પોલીસે અમૃતાપાર્ક સોસાયટીના સી-12 નંબરના મકાનમાં ચાલતાં જુગારધામ પરથી અર્પણભાઈ રાજેશભાઈ દેસાઈ, ચિરાયુ દેસાઈ, સુજલ શાહ, વિનય રાજપુત, ઋષિ બક્ષી, ભાવિક પરીખ, સુમિત પ્રજાપતિ, સન્ની શાહ અને ધર્મેન્દ્ર રાજપુતને જુગાર રમતા રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસે તેમની પાસેથી રોકડ, મોબાઈલ ફોન, દ્વિચક્રી વાહનો સહિત કુલ રૂ. 3.88 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. શહેર પોલીસના ઉચ્ચ અધિકારીઓની સૂચના અનુસાર પાણીગેટ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે વાઘોડિયા રોડ પર કાકા પાઉભાજીની ગલીમાં આવેલી અમૃતાપાર્ક સોસાયટીના સી-12 નંબરના મકાનમાં અર્પણભાઈ રાજેશભાઈ દેસાઈ અન્ય લોકોને ભેગા કરી જુગાર રમાડે છે. બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડી ઉપરોક્ત તમામ આરોપીઓને જુગાર રમતા રંગેહાથ ઝડપી લીધા હતા.

પોલીસ તપાસ દરમિયાન આરોપીઓ પાસેથી રૂ. 45 હજાર રોકડા, દાવ પરથી રૂ. 22 હજાર રોકડા, રૂ. 1.50 લાખના નવ મોબાઈલ ફોન તેમજ રૂ. 1.70 લાખના છ મોપેડ અને બાઈક મળી કુલ રૂ. 3.88 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

લોર્ડ્સમાં ઐતિહાસિક સદી ફટકારતાં બીસીએ દ્વારા સ્મૃતિ ચિન્હ અર્પણ કરાયું

# યાસ્તિકા ભાટિયા સન્માનિત




વડોદરા:બરોડાની ક્રિકેટિંગસ્ટાર યાસ્તિકા ભાટિયાએ લંડનના ઐતિહાસિક લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ મેચમાં 158 બોલમાં 113 રનની શાનદાર ઈનિંગ્સ રમી ઈતિહાસ રચ્યો હતો. આ યાદગાર સદી સાથે યાસ્તિકાએ પ્રતિષ્ઠિત લોર્ડ્સ ઓનર બોર્ડ પર પોતાનું નામ અંકિત કરાવ્યું છે. આ સિદ્ધિ હાંસલ કરનાર યાસ્તિકા લોર્ડ્સ ખાતે સદી ફટકારનાર પ્રથમ મહિલા ક્રિકેટર બની છે. ખાસ વાત એ છે કે એસીએલ ઈજાના કારણે 8 મહિનાના વિરામ બાદ લોર્ડ્સ ખાતે પોતાની પ્રથમ ટેસ્ટ સદી નોંધાવીને તેણે મક્કમતા અને સમર્પણનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. બરોડા ક્રિકેટ એસોસિએશન દ્વારા આયોજિત સન્માન સમારોહમાં બરોડા ક્રિકેટ એસોસિએશનના સચિવ અજિત લેલે, માનદ ખજાનચી શીતલ મહેતા, પૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર કિરણ મોરે, જ્યોતિ ગ્રુપ અને વડોદરા મેરેથોનના તેજલ અમીન તેમજ પૂર્વ આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટર ગીતા ગાયકવાડ ઉપસ્થિત રહ્યા હતા. લોર્ડ્સ ખાતેની તેમની ઐતિહાસિક સદી અને ભારતીય ક્રિકેટમાં યોગદાનના સન્માનરૂપે બરોડા ક્રિકેટ એસોસિએશન દ્વારા યાસ્તિકા ભાટિયાનું સ્મૃતિચિહ્ન અર્પણ કરીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બીસીએના પ્રમુખ પ્રણવ અમીને જણાવ્યું હતું કે, લોર્ડ્સ ખાતે યાસ્તિકા ભાટિયાની ઐતિહાસિક સદી, જે આ પ્રતિષ્ઠિત મેદાન પર કોઈપણ ભારતીય મહિલા દ્વારા નોંધાયેલી પ્રથમ સદી છે. તેણે દરેક બરોડાવાસીનું મસ્તક ગૌરવથી ઊંચું કર્યું છે. આ એક અદ્ભુત અને શાનદાર ઈનિંગ્સ હતી, જે તેમની પ્રતિભા, મહેનત અને સંકલ્પનો પરિચય કરાવે છે. અમને વિશ્વાસ છે કે યાસ્તિકાની ક્રિકેટ સફરમાં આ તો અનેક મોટી સિદ્ધિઓની માત્ર શરૂઆત છે. બીસીએ ખાતે અમે યુવતીઓને વધુ તકો ઉપલબ્ધ કરાવવાના અને તેમને આગળ વધવા માટે પ્રોત્સાહિત કરવાના અમારા પ્રયાસો સતત ચાલુ રાખીશું, જેથી વડોદરા અને આસપાસના વિસ્તારોમાં મહિલા ક્રિકેટ વધુ વિકાસ પામે અને આખા દેશ માટે પ્રેરણારૂપ બને.

## મેચ જીતવી ,દેશ માટે સારો દેખાવ કરવો એ મારા માટે ગર્વની વાત

લોર્ડ્સની વિકેટ એટલી આસાન નહોતી. ફર્સ્ટ ઇનિંગમાં જે ભૂલો થઈ હતી તે મેં પકડી અને બીજી ઇનિંગમાં સુધારી. મારા દિમાગમાં માત્ર ટીમ માટે સ્કોર કરવાનું જ હતું. લંચ સમયે હું ૭૦ રન પર હતી ત્યારબાદ સદી કરીને હું ખૂબ ખુશ હતી. મેચ જીતવી અને દેશ માટે સારો દેખાવ કરવો એ મારા માટે ગર્વની વાત છે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમ વર્લ્ડકપ જીતી તે પહેલાં જ હું ઇજાગ્રસ્ત થતાં નર્વસ પણ થઈ ગઈ હતી. તે સમયે કિરણ મોરેએ ઘરે આવીને મારું મનોબળ વધાર્યું હતું. **યાસ્તિકા ભાટિયા,** ભારતીય મહિલા ક્રિકેટર

5 સામે હત્યાંના પ્રયાસનો ગુનો દાખલ

# ફતેગંજ વિસ્તારમાં નમાજ બાદ ચા પીતા પિતરાઈ ભાઈઓ પર હુમલો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.18 તાંદલજા રોડ પર રહેતા અને સાવલી ખાતે ઈંટોના ભઠ્ઠાનો વ્યવસાય કરતા આમીર અનીશ ખાનના બનેવીએ બે મહિના અગાઉ વોટ્સએપ સ્ટેટસ મૂક્યું હતું. આ મુદ્દે આરીફ ઉર્ફે ટીન્કુ પઠાણે ફોન પર ધમકી આપી હતી. સમાજના આગેવાનોની મધ્યસ્થીથી તે સમયે મામલો શાંત પડી ગયો હતો, પરંતુ આરોપીઓએ મનમાં અદાવત રાખી હતી. શુક્રવારે બપોરે આમીર ખાન તેના પિતરાઈ ભાઈઓ આસીફ જમીરઅહેમદ પઠાણ અને આસીફ મુશીર ખાન સાથે કમાટીપુરા મસ્જિદમાં જુમ્માની નમાજ પઢીને ફતેગંજ રોડ પર હોટલ મિડ ટાઉન સામે ચા પી રહ્યા હતા. તે દરમિયાન શાહબાઝ ઉર્ફે મેકુ, ખુર્શીદ ઉર્ફે કે.પી., રિઝવાન, ફેઝલ, સુફિયાન, આસીમ વસીમ સહિતના શખ્સો ઘાતક હથિયારો સાથે ત્યાં પહોંચી ગયા હતા. આરોપીઓએ કોઈ તકરાર કર્યા વિના આસીફ જમીરઅહેમદના માથા પર લોખંડની પાઈપ વડે ફટકો માર્યો હતો. ત્યારબાદ અન્ય હુમલાખોરોએ લાકડીઓથી આડેધડ માર માર્યો હતો. વચ્ચે બચાવ કરવા આવેલા આમીર ખાન પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરોએ “આજે તો તમને લોકોને પતાવી જ દેવાના છે” તેવી ધમકી આપતા વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. લોકો ભેગા થતાં હુમલાખોરો સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. ગંભીર રીતે ઘાયલ આસીફ જમીરઅહેમદને માથામાં ગંભીર ઈજા થતાં અર્ધબેભાન હાલતમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યારે આમીર ખાનને પણ ઈજાઓ પહોંચી હતી. ફતેગંજ પોલીસે પાંચ આરોપી સામે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે. ઉલ્લેખનિય છે કે, બનાવ બાદ વિસ્તારમાં ભારે દહેશત ફેલાઈ ગઈ હતી.

બુટલેગર લાલા જયસ્વાલ સહિત પરિવારજનોના નામે અધધ સંપતિ

# વડોદરા ગ્રામ્ય પોલીસ દ્વારા લીસ્ટેડ બુટલેગરની રૂ.૭૫ કરોડથી વધુની મિલ્કતો ટાંચમાં લેવાશે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.18 વડોદરા ગ્રામ્ય પોલીસે ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ (GUJCTOC) એક્ટ હેઠળ મોટી કાર્યવાહી હાથ ધરી છે. વરણામા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુજસીટોકના ગુનામાં આરોપી રાકેશ ઉર્ફે લાલા જયસ્વાલ સહિત પાંચ આરોપીઓ અને તેમના પરિવારજનોની રૂ.75.03 કરોડથી વધુ કિંમતની સ્થાવર તથા જંગમ મિલ્કતો ટાંચમાં લેવા માટે ગૃહ વિભાગ સમક્ષ દરખાસ્ત કરવામાં આવી છે. વડોદરા વિભાગના પોલીસ મહાનિરીક્ષક સંદીપ સિંહ તથા વડોદરા ગ્રામ્ય પોલીસ અધિક્ષક સુશિલ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ, ડભોઈ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક એ.એમ. પટેલની દેખરેખમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. વરણામા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા GUJCTOC એક્ટ-2015 હેઠળના ગુનાની તપાસ દરમિયાન આરોપીઓએ ગેરકાયદે અંગ્રેજી દારૂના વેપારમાંથી કરોડોની સંપત્તિ ઉભી કરી હોવાનું સામે આવ્યું હતું.

તપાસમાં કેલનપુર, રતનપુર, અભરમપુરા અને અલ્હાદપુરા ગામોમાં આવેલી ખેતીની જમીનો, રહેણાંક મકાન, કોમર્શિયલ દુકાનો, પ્લોટ સહિતની અનેક સ્થાવર મિલ્કતોની ઓળખ કરવામાં આવી છે. ઉપરાંત યુનિયન બેંકમાં જમા રહેલું કુલ 1,174 ગ્રામથી વધુ સોનું પણ જંગમ મિલ્કત તરીકે કાર્યવાહી હેઠળ લેવામાં આવ્યું છે.

પોલીસે તપાસના આધારે આરોપીઓ અને તેમના પરિવારજનોના નામે રહેલી રૂ.75.03 કરોડની મિલ્કતો ગેરકાયદે દારૂના ધંધામાંથી થયેલી આવકથી ખરીદવામાં આવી હોવાનું પ્રાથમિક રીતે નોંધ્યું છે. જેના આધારે GUJCTOC એક્ટની કલમ હેઠળ આ તમામ મિલ્કતો ટાંચમાં લેવા માટે અધિક મુખ્ય સચિવ, ગૃહ વિભાગ, ગાંધીનગર સમક્ષ મંજૂરી માટે દરખાસ્ત મોકલવામાં આવી છે.

આ કાર્યવાહી વડોદરા ગ્રામ્ય પોલીસ દ્વારા સંગઠિત ગુનાખોરી સામે હાથ ધરાયેલા અભિયાનમાં અત્યાર સુધીની સૌથી મોટી મિલ્કત ટાંચમાં લેવાની કાર્યવાહી પૈકીની એક હોવાનુ માનવામાં આવી રહી છે.

એસપી સુશીલ અગ્રવાલે જણાવ્યું હતું કે થોડા મહિના પહેલાં લાલા જયસ્વાલ બુટલેગર સહિતના પરિવારના સભ્યો સામે ગુજસિટોકનો ગુનો નોંધાયો હતો.ત્યારે પોલીસ તપાસમાં બુટલેગર ની પેટ્રોલ પમ્પ, એગ્રીકલ્ચર જમીન રેસ્ટોરન્ટ, રોકડ, ગોલ્ડ, પેટ્રોલ પંપ જેવી ગેરકાયદે મિલકત બહાર આવી હતી. ત્યારે આ ગેરકાયદે મિલકત ટાંચમાં લેવા સરકારમાં દરખાસ્ત કરાઈ છે.

વ્યવહારિક સંસ્કૃત રસપ્રદ અને સરળ રીતે શીખવાડાશે

# MSUમાં કોમ્યુ.સંસ્કૃત લેવલ-૧ સર્ટિફિકેટ કોર્સ માટે પ્રવેશ શરૂ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.18 મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ આર્ટ્સ અંતર્ગત કાર્યરત સંસ્કૃત, પાલી અને પ્રાકૃત વિભાગના સેન્ટર ફોર સ્પોકન સંસ્કૃત દ્વારા કોમ્યુનિકેટિવ સંસ્કૃત લેવલ-1 સર્ટિફિકેટ કોર્સ માટે ઓફલાઇન પ્રવેશ અરજીઓ આમંત્રિત કરવામાં આવી છે.

6 મહિનાનો સર્ટિફિકેટ કોર્સ યુનિવર્સિટી કેમ્પસ ખાતે ફેકલ્ટી ઓફ આર્ટ્સમાં ઓફલાઈન પદ્ધતિથી ચલાવવામાં આવશે. ઓફલાઈન વર્ગો 30 જુલાઈથી શરૂ થશે અને દર સોમવાર તથા શુક્રવારે સાંજે ચારથી છ વાગ્યા દરમિયાન યોજાશે. કોર્સની ફી ત્રણ હજાર નક્કી કરવામાં આવી છે અને આ કોર્સ માટે કોઈ વયમર્યાદા રાખવામાં આવી નથી. આ કોર્સનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને રોજિંદા જીવનમાં સંવાદ સાધવા માટે સંસ્કૃત ભાષામાં નિપુણતા પ્રદાન કરવાનો છે. પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારો તા.27 થી 29 જુલાઈ દરમિયાન તમામ કામકાજના દિવસોમાં બપોરે 1:00 થી સાંજે 4:00 વાગ્યા સુધી રૂમ નં. 29, ડી.એન. હોલ, સંસ્કૃત, પાલી અને પ્રાકૃત વિભાગ, ફેકલ્ટી ઓફ આર્ટ્સ એમએસયુ ખાતે સીધો સંપર્ક કરીને પ્રવેશ મેળવી શકે છે. કોર્સની વિશેષતા એ છે કે તેમાં વ્યવહારિક સંસ્કૃત રસપ્રદ અને સરળ રીતે શીખવવામાં આવે છે. કોર્સના અંતે શીખનાર વ્યક્તિ સંસ્કૃતમાં બોલતા પણ શીખી જશે.

પોષડોડા - અફીણ, મોબાઈલ સહીત રૂ.૫.૪૧ લાખનો મુદ્દામાલ જપ્ત

# શેરખીના મકાનમાંથી ૨૧ કિલોથી વધુ પોષડોડા અને અફીણનો જથ્થો ઝડપાયો




( પ્રતિનિધિ ) વડોદરા,તા.18 વડોદરા ગ્રામ્ય પોલીસના ‘ઓપરેશન પરાક્રમ’ અંતર્ગત નશાકારક પદાર્થોના કાળા કારોબાર સામે વધુ એક મોટી સફળતા મળી છે. એસઓજીની ટીમે વડોદરા તાલુકાના શેરખી ગામમાં દરોડો પાડી રહેણાંક મકાનમાંથી 21 કિલોથી વધુ પોષડોડા અને અફીણનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે નશીલા પદાર્થ અને મોબાઈલ સહિત રૂ.5.41 લાખનો મુદ્દામાલ જપ્ત કરીને એક આરોપીની ધરપકડ કરી છે. વડોદરા ગ્રામ્ય જિલ્લામાં નશાકારક પદાર્થોની ગેરકાયદેસર હેરાફેરી અને વેચાણ પર લગામ કસવા માટે પોલીસ દ્વારા ‘ઓપરેશન પરાક્રમ’ ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન હેઠળ જિલ્લા ગ્રામ્ય એસઓજીની ટીમને મહત્વની સફળતા મળી છે. પોલીસ ઈન્સ્પેક્ટર પી.કે. સોઢા સહીતની અલગ-અલગ ટીમો પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ લાલજીભાઈ ખોડુભાઈને મળેલી બાતમીના આધારે શેરખી ગામના ભાથીજી મંદિરવાળા ફળિયામાં આવેલા એક રહેણાંક મકાન પર દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે મકાનમાંથી ગેરકાયદે સંગ્રહ કરેલા 21.210 કિલો પોષડોડા રૂ.3.18 લાખ અને 0.435 કિલોગ્રામ અફીણ કિંમત રૂ.2.17 લાખ કબજે કરી ગુનામાં વપરાયેલ મોબાઈલ ફોન અને વજનકાંટો સહિત રૂ.5.41 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. પોલીસે શેરખીના ભાથીજી મંદિરવાળા ફળિયાના લાલજી ધુળા રબારીની ધરપકડ કરી છે.

કારમાંથી સ્થાનિક નાગરિકોને બિયરના ટીન જોવાત પોલીસને બોલાવી

# નિલાંબર સર્કલ નજીક નશાની હાલતમાં ફરતા યુવકને સ્થાનિકોએ પોલીસને સોંપ્યો



વડોદરા: સંસ્કારી નગરી વડોદરામાં છેલ્લા કેટલાક સમયથી નશામાં ધૂત નબીરાઓ બેફામ બન્યા હોય તેવી ઘટનાઓ સામે આવી રહી છે, જે અંતર્ગત શહેરના પોશ ગણાતા ગોત્રી વિસ્તારમાં વધુ એક આવી જ ઘટના પ્રકાશમાં આવી છે. ગોત્રીના નીલાંબર સર્કલ પાસે મોડી રાત્રે એક યુવક નશાની હાલતમાં બિનવારસી અને બેફામ રીતે ફરતો સ્થાનિકોના ધ્યાને આવ્યો હતો. આ યુવકની શંકાસ્પદ હિલચાલ અને વર્તનને કારણે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. સ્થાનિક નાગરિકોએ સતર્કતા દાખવીને નશામાં ધૂત આ યુવકને ઘટનાસ્થળે જ અટકાવ્યો હતો. ત્યારબાદ જ્યારે લોકો દ્વારા તેની મોંઘીદાટ લક્ઝુરિયસ કારની તપાસ કરવામાં આવી, ત્યારે કારની અંદરથી બિયરના ટીન (કેન) મળી આવ્યા હતા, જેને પગલે યુવક દારૂના નશામાં હોવાની વાતને વધુ બળ મળ્યું હતું. સ્થાનિકોએ આ અંગેની તાત્કાલિક જાણ પોલીસને કરી હતી અને નશાખોર નબીરાને પકડીને ગોત્રી પોલીસ સ્ટેશનના હવાલે કર્યો હતો. બનાવની જાણ થતાં જ ગોત્રી પોલીસે ઘટનાસ્થળે અને પોલીસ સ્ટેશને જરૂરી કાર્યવાહી શરૂ કરી દીધી હતી. હાલ પોલીસ દ્વારા આ મામલે યુવકની પ્રાથમિક પૂછપરછ અને તબીબી તપાસ સહિતની પ્રાથમિક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ પ્રાથમિક તપાસ પૂર્ણ થયા બાદ પોલીસ દ્વારા આ નબીરા વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ તેમજ અન્ય સંબંધિત કલમો હેઠળ કાયદેસરનો ગુનો નોંધીને આગળની કડક કાર્યવાહી કરવામાં આવશે તેવું જાણવા મળ્યું છે. શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ આવા તત્વો સામે કડક વલણ અપનાવે તેવી સ્થાનિકો માંગ કરી રહ્યા છે.

## આજવા રોડ એક્તા નગરમાં મહિલાએ આવેશમાં હાથ પર ચપ્પા વડે ઘસરકા કર્યા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૮ આજવા રોડ સ્થિત એક્તાનગરમાં રહેતા શોભનાબેન નટુભાઈ સાંજે આશરે ૭:૩૦ વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા. તે સમયે અચાનક કોઈ અજાણ્યા કારણસર તેઓ માનસિક આવેશમાં આવી ગયા હતા. પરિવારજનો કંઈ સમજે તે પહેલાં જ તેમણે ઘરમાં રહેલા ચપ્પુનો ઉપયોગ કરી પોતાના હાથ પર ઘસરકા મારવાનું શરૂ કરી દીધું હતું. આ દ્રશ્ય જોઈને પરિવારના સભ્યો ચોંકી ઉઠ્યા હતા અને તાત્કાલિક તેમને લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક બાપોદ પોલીસ સ્ટેશનનો કાફલો સક્રિય થયો હતો. પોલીસે હોસ્પિટલ પહોંચી મહિલાની પ્રાથમિક પૂછપરછ હાથ ધરી છે. હાલમાં મહિલાની સારવાર ચાલી રહી છે અને તેમની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

અગાઉ ટ્રેક બેસી જવાની ઘટના પછી પણ સ્માર્ટ સિટીના પ્રોજેક્ટમાં ગંભીર લાલિયાવાડી

# કોન્ટ્રાક્ટરની બેદરકારી : કરોડોના ખર્ચે બનતા સાઈકલ ટ્રેકમાં પાણીની અંદર જ ચણતર શરૂ કર્યું!

**સ્થાનિકોએ** સમગ્ર મામલે ઉચ્ચ સ્તરીય તકનીકી તપાસની માંગ કરી



( પ્રતિનિધિ ) વડોદરા,તા.18 સ્માર્ટ સિટી વડોદરામાં જનતાના ટેક્સના કરોડો રૂપિયાના ધુમાડા થઈ રહ્યા હોવાનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરમાં 10 કરોડથી વધુના ખર્ચે બની રહેલા સાઈકલ ટ્રેકના કામમાં ફરી એકવાર ગંભીર બેદરકારી અને નબળી ગુણવત્તાના આક્ષેપો થયા છે. અગાઉ આ જ ટ્રેકનો એક ભાગ બેસી જતાં સમગ્ર વિસ્તારનું કામ તોડીને ફરીથી કરવું પડ્યું હતું. આટલી મોટી ઘટના છતાં તંત્ર કે કોન્ટ્રાક્ટરે કોઈ બોધપાઠ લીધો ન હોય તેમ, ફરી એકવાર નિર્માણ કાર્યમાં મોટી લાલિયાવાડી સામે આવી છે. હાલમાં સોશિયલ મીડિયા અને મીડિયામાં સામે આવેલા દ્રશ્યો મુજબ, સાઈકલ ટ્રેક સાઈટ પર આવેલી કુંડીઓમાં વ્યાપક પ્રમાણમાં પાણી ભરાયેલું છે. નિયમ વિરુદ્ધ, આ પાણી ભરાયેલી સ્થિતિમાં જ આડેધડ ચણતર કામ ચાલુ રાખી દેવામાં આવ્યું છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, પાણીની અંદર થઈ રહેલા આ કામને કારણે લાંબા ગાળે ટ્રેકની મજબૂતાઈ અને ટકાઉપણું જોખમાશે, જેથી ભવિષ્યમાં આ ભાગ ફરીથી બેસી જવાની પૂરેપૂરી આશંકા છે. આ નબળી કામગીરી અંગે જ્યારે મીડિયાની ટીમે સ્થળ પર હાજર અને કામની દેખરેખ રાખતા એક વ્યક્તિને પૂછપરછ કરી, ત્યારે મોટો ડ્રામા સર્જાયો હતો.

કેમેરો જોઈને તે વ્યક્તિ ગભરાઈ ગયો હતો અને પોતાની ઓળખ આપવાનો ઈનકાર કરી દીધો હતો. પોતે માત્ર “સામાન્ય નાગરિક” હોવાનું ગાણું ગાઈને તે તાબડતોબ સ્થળ પરથી ભાગી છૂટ્યો હતો, જે કામમાં કંઈક કાળુંધોળું હોવાની શંકાને મજબૂત કરે છે. કરોડો રૂપિયાના જાહેર નાણાંનો આ પ્રકારે વ્યય થતાં સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ છે. અગાઉની દુર્ઘટના પછી પણ કામની પદ્ધતિમાં કોઈ સુધારો ન થતાં તંત્રની ભૂમિકા સામે પણ સવાલો ઊઠ્યા છે.

સ્થાનિકોએ હવે આ સમગ્ર મામલે ઉચ્ચસ્તરીય અને નિષ્પક્ષ તકનીકી તપાસની માંગ કરી છે. જો તપાસમાં ગેરરીતિ કે બેદરકારી સાબિત થાય, તો જવાબદાર કોન્ટ્રાક્ટર અને મિલીભગત ધરાવતા અધિકારીઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે તેવી લોકવાણી ઊઠી છે.